ડ્રાફ્ટ કોપી

વેચાણ દસ્તાવેજ

વેચાણ અવેજ રૂા./- પુરા

જત આજ રોજ સવંત ૨૦૭૩ નાં અષાઢ સુદ ૬ ને વાર ગુરૂવાર તારીખ ૨૯મી માહે જુન સને ૨૦૧૭ નાં અંગ્રેજી દીને...

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ	બ્લોક નં.	ટી.પી.નં.	ફા.પ્લોટ નં.	ફલેટ નં.	ક્ષેત્રફળ
વેચાણ દસ્તાવેજ	ડીડોલી	૧૪૫	૬૯	૧૩૦		ચો.મી.

ડીસ્ટ્રીકટ સુરત સબ-ડીસ્ટ્રીકટ ઉધના નાં મોજે ગામ **ડીડોલી** નાં રે.સ.નં. ૮૭, **બ્લોક નં. ૧૪૫** વાળી કુલ્લે ૨-૩૦-૩૨ હેકટર આરે ચો. મી. આકાર રૂા. ૩૨-૪૩ પૈસા વાળી જમીન ને **ટી. પી. સ્કીમ નં. ૬૯ (ડીડોલી-ગોડાદરા) ફા.પ્લોટ નં. ૧૩૦** થી ૧૪૯૭૧ ચો.મી. ફાળવવામાં આવેલ બિનખેતી જમીન ઉપર **"મંગલમ પાર્ક"** માં આવેલ **"એ થી યુ"** બલ્ડીગો પૈકી **" આર "** બીલ્ડીગ કે જે **"ગ્રીનવેલી રેસીડન્સી"** નામથી ઓળખાતી ૩૦૪.૯૬ ચો.મી. જમીન પર બાંધેલ ઈમારત માં આવેલ ફલોટો પૈકી **-- માળે** આવેલ **ફલેટ નં. --** વાળી અંદાજીત સુપર બીલ્ટઅપ એરીયા -- ચો.ફુટ યાને -- ચો.મી. જેનો અંદાજીત **બીલ્ટઅપ એરીયા -- ચો.મી.** વાળી મિલકતવાળી મિલકતનો તળની જમીન **૩૩૯.૯૩ ચો.મી.** તથા સી.ઓ.પી. + માર્જીન + રોડ-રસ્તાની વણ-વહેચાયેલ હિસ્સાની **૩૯૨.૯૫ ચો.મી.** જમીન મળી **કુલ્લે ૭૩૨.૮૮ ચો.મી.** જમીનમાં ફાળે પડતા વણ-વહેચાયેલ હિસ્સા સહીતનો લાગતા વળગતા અંદરનાં તથા બહાર નાં તમામ હકકો સહિતની મિલકતનો કુલ્લે દરોબસ્ત વેચાણ દસ્તાવેજ...

મિલકત વેચાણ રાખનાર તે આ દસ્તાવેજ લખાવી લેનાર પહેલા પક્ષના પક્ષકાર ::-

શ્રી --, ઉ.વ.આ. : --,

ધંધો: વેપાર, જાતના: હીન્દુ, રહેવાસી:

PAN No.

(જેમને હવે પછી આ દસ્તાવેજ માં તમો પહેલા પક્ષના યાને મિલકત વેચાણ રાખનાર તરીકે સંબોધવામાં આવશે. જે સંજ્ઞાના સંપુર્ણ અર્થમાં અન્યથા વિરોધાભાસ ન હોય ત્યાં આ દસ્તાવેજ માં પહેલા પક્ષકાર પોતે જાતે તથા તેના વંશવાલી વારસો, સકસેસરો, સરવાઇવરો, અધિકૃત પ્રતીનીધીઓ, ટ્રાન્સફરીઓ, એસાઇનીઓ, એકઝીકયુટરો, એડમીનીસ્ટેટરો, ઉત્તરાઅધિકારીઓ ઇત્યાદી તમામ નો સમાવેશ થઇ જાય છે.)

જોગ લી...

મિલકત વેચાણ આપનાર તે આ દસ્તાવેજ લખી આપનાર બીજા પક્ષના પક્ષકાર ::-

શ્રી પ્રતીક ગોરધનભાઇ વાઘાણી, ઉ.વ.આ. ૨૮,

જાતના : હીન્દુ, ધંધો : વેપાર, રહેવાસી : ઘ/૮,

પંચરત્ન ટાવર, એલ.એચ. રોડ, સુરતનાં...

Pan No. AEYPV 7641 C

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ	બ્લોક નં.	ટી.પી.નં.	ફા.પ્લોટ નં.	ફલેટ નં.	ક્ષેત્રફળ
વેચાણ દસ્તાવેજ	ડીડોલી	૧૪૫	૬૯	૧૩૦		ચો.મી.

(જેમને હવે પછી આ દસ્તાવેજ માં હમો બીજા પક્ષના ચાને મિલકત વેચાણ આપનાર તરીકે સંબોધવામાં આવશે. જે સંજ્ઞા ના સંપુર્ણ અર્થમાં જયાં વિરોધાભાસ ન હોય ત્યાં આ દસ્તાવેજમાં હમો બીજા પક્ષના પક્ષકાર પોતે જાતે તથા હમારા વંશ વાલી વારસો તથા સકસેસરો, સરવાઇવરો, ટ્રાન્સફરીઓ, એસાઇનીઓ, એકઝીકયુટરો, એડમીનીસ્ટેટરો, ઉત્તરાઅધિકારીઓ ઇત્યાદી તમામ નો સમાવેશ થઇ જાય છે.)

જત આજ રોજ પરીશીષ્ટમાં જણાવેલ વિગત અને વર્ણન વાળી મીલકત વેચાણથી રાખનાર તમો પહેલા પક્ષનાના પક્ષકારને જોગ હમો બીજા પક્ષના આ દસ્તાવેજ લખી આપીએ છીએ કે....

ડીસ્ટ્રીકટ સુરત સબ-ડીસ્ટ્રીકટ ઉધના નાં મોજે ગામ **ડીડોલી** નાં રે.સ.નં. ૮૭, **બ્લોક નં. ૧૪૫** વાળી કુલ્લે ૨-૩૦-૩૨ હેકટર આરે ચો. મી. આકાર રૂા. ૩૨-૪૩ પૈસા વાળી જમીન ને **ટી. પી. સ્કીમ નં. ૬૯ (ડીડોલી-ગોડાદરા) ફા.પ્લોટ નં. ૧૩૦** થી ૧૪૯૭૧ ચો.મી. ફાળવવામાં આવેલ બિનખેતી જમીન ઉપર **"મંગલમ પાર્ક"** માં આવેલ **"એ થી ચુ"** બલ્ડીગો પૈકી **" આર "** બીલ્ડીગ કે જે **"ગ્રીનવેલી રેસીડન્સી"** નામથી ઓળખાતી ૩૦૪.૯૬ ચો.મી. જમીન પર બાંધેલ ઇમારતને લાગતા વળગતા અંદરનાં તથા બહારનાં તમામ હકકો સહિત હમો બીજા પક્ષનાની માલીકી તથા કબજા ભોગવટાની ચાલી આવેલ હોય, જેનો હમો બીજા પક્ષના હમારી મરજી મુબજનો ઉપભોગ, ભોગવટો, વહીવટ, વ્યવસ્થા કરવા સંપુર્ણ હકક અને અધિકાર ધરાવીએ છીએ. જેમાં આવેલ ફલેટો પૈકી નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગત અને વર્ણન વાળી મીલકત હમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ છે. જેનો આ અઘાટ વેચાણ દસ્તાવેજ લખી આપેલ છે.

સદરહુ તમોને વેચાણ આપેલી મીલકતના ટાઇટલની હકીકત એવી છે કે :-

ડીસ્ટ્રીકટ સુરત સબ ડિસ્ટ્રીકટ સુરત તાલુકા સુરત સીટી મોજેં ડીડોલી ના રે.સર્વે નં. ૮૭, બ્લોક નં. ૧૪૫ જેનું ક્ષેત્રફળ હે ૨-૧૫ આરે ૧૪ ચો.મી. પોતખરાબો હે ૦-૧૫ આરે ૧૮ ચો.મી. મળી કુલ્લે ૨-૩૦ આરે ૩૨ ચો.મી., આકાર રૂા. ૩૨-૪૩ પૈસાવાળી ખેતીની જમીન મુળ ભાલચંદ શંકરરાય પટવર્ધન વિગેરેની

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ	બ્લોક નં.	ટી.પી.નં.	ફા.પ્લોટ નં.	ફલેટ નં.	ક્ષેત્રફળ
વેચાણ દસ્તાવેજ	ડીડોલી	૧૪૫	૬૯	૧૩૦		ચો.મી.

માલીકીની ચાલી આવેલી. સદરહું જમીન તથા અન્ય જમીનના સંરક્ષિત ગણોતિયા તરીકે અંબેલાલ ઉર્ફે ગાંડાભાઇ પ્રેમાભાઇ, મગનભાઇ પરભુભાઇ, ગુલાબભાઇ અખુભાઇ અને દલપતભાઇ કાળાભાઇ ચાલી આવેલા. તેઓએ રેવન્યુ રેકર્ડ માં તેઓના નામ દાખલ કરાવવા અરજી કરતા મામલતદારશ્રીના હુકમ અન્વયે રેવન્યુ રેકર્ડમાં નામ દાખલ થયેલા. જે અંગેની નોંધ ગામ દફતરે ગામ નમુના નં. ૬ માં એન્ટ્રી નં. ૬૪૦ તા. ૨૫/૦૧/૧૯૫૧ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ મંજુર કરવામાં આવેલ. તે જ રીતે સદરહું જમીન પૈકી ના સર્વે નંબરના કબજેદારશ્રી ઇશ્વરલાલ ગોપાળજીભાઇ ખેડતા હોવાથી રેવન્યુ રેકર્ડ ના બીજા હક્ક માં તેમનું નામ દાખલ કરેલુ. જે અંગે ની નોંધ રેવન્યુ રેકર્ડ માં નોંધ નંબર ૮૮૧ થી તા.: ૨૪/૦૪/૧૯૫૯ ના રોજ પડેલી જે નોંધ પ્રમાણિત પણ થયેલી. સદરહું જમીન તથા અન્ય જમીનોના માલીક ભાલચંદ્ર શંકરાચાય તથા ગોપીનાથ શંકરરાય પટવર્ધનને તેમની હયાતી દરમીયાન સીધી ઉપજ લેવાનો હક્ક આપેલો તેવા હક્ક અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ માં એન્ટ્રી નં. ૮૯૯ તા. ૦૫/૦૭/૧૯૫૯ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ મંજુર કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું આખી જમીન પૈકીના સર્વે નં. ૭૫ પૈકી, ૮૦ પૈકી, ૮૭ પૈકી, ૮૯ પૈકી વાળી જમીનના ગણોતિયા ઇશ્વરભાઇ ગોપાળજીને મામલદાર એ હુકમ કરી ખરીદ કિંમત નક્કી કરી ૩૨-ગ નું પ્રમાણપત્ર આપેલુ. જેની નોંધ રેવન્યુ રેકર્ડ માં એન્ટ્રી નં. ૨૦૪૮ તા. ૧૮/૦૬/૧૯૬૪ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ મંજુર કરવામાં આવેલ. તે જ રીતે સદરહું આખી જમીન પૈકીના સર્વે નં. ૭૫ પૈકી, ૮૦ પૈકી, ૮૭ પૈકી, ૮૯ પૈકી વાળી જમીનના ગણોતિયા મગનભાઇ પરભુભાઇને મામલતદારશ્રી એ હુકમ કરી ખરીદ કિંમત નક્કી કરી ૩૨-ગ નું પ્રમાણપત્ર આપેલુ. જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ માં એન્ટ્રી નં. ૨૦૪૯ તા. ૧૮/૦૬/૧૯૬૪ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ મંજુર કરવામાં આવેલ. તે જ રીતે સદરહું આખી જમીન પૈકીના સર્વે નં. ૭૫ પૈકી, ૮૦ પૈકી, ૮૭ પૈકી, ૮૯ પૈકી વાળી જમીનના ગણોતિયા ગુલાબભાઇ અખુભાઇ ને મામલતદારશ્રીએ હુકમ કરી ખરીદ કિંમત નક્કી કરી ૩૨-ગ નું પ્રમાનપત્ર આપેલુ. જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ માં એન્ટ્રી નં. ૨૦૪૮ તા. ૧૮/૦૬/૧૯૬૪ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ મંજુર કરવામાં આવેલ.

તે રીતે આખી જમીનના માલિક કબજેદાર તરીકે ઇશ્વરભાઇ ગોપાળજી, મગનભાઇ પરભુભાઇ તથા ગુલાબભાઇ અખુભાઇ ચાલી આવેલા. ગુલાબભાઇ

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ	બ્લોક નં.	ટી.પી.નં.	ફા.પ્લોટ નં.	ફ્લેટ નં.	ક્ષેત્રફળ
વેચાણ દસ્તાવેજ	ડીડોલી	૧૪૫	૬૯	૧૩૦		ચો.મી.

અખુભાઇ તા. ૧૨/૧૨/૧૯૭૦ ના રોજ થા તે અરસા માં ગુજરી જતા તેમની સીધી લીટી ના વારસદારો માં તેમની વિધવા અંબાબેન તથા પુત્રો નામે મણીભાઇ ગુલાબભાઇ, નાનુભાઇ ગુલાબભાઇ, ઠાકોરભાઇ ગુલાબભાઇ, છગનભાઇ ગુલાબભાઇ અને પુત્રી નામે કમુબેન ગુલાબભાઇ ચાલી આવેલા. જે પૈકી કમુબેન તેમના ભાઇઓના લાભમાં તેમનો હક્ક જતો કરેલો અને તે રીતે મણિભાઇ ગુલાબભાઇ વગેરેએ સદરહું જમીનના માલિકો થયેલા. મર્હુમ ગુલાબભાઇ અખુભાઇને વારસાઇ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ માં એન્ટ્રી નં. ૩૧૬૦ તા. ૦૧/૦૨/૧૯૭૧ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ મંજુર કરવામાં આવેલ. ત્યારબાર એકત્રીકરણ યોજના અમલ માં આવતા મહે. સેટલમેન્ટ કમિશ્નર સાહેબે જમીન રેકર્ડ, નિયામક સાહેબ ના હુકમ મુજબ રેવન્યુ સર્વે નંબરોએ બ્લોક નંબર આપવામાં આવેલ જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ માં એન્ટ્રી નં. ૫૧૬૬ તા.૧૩/૦૧/૧૯૮૪ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ મંજુર કરવામાં આવેલ.

ત્યારબાદ મર્હુમ ગુલાબ અખુભાઇના વારસો પૈકી ઠાકોરભાઇ ગુલાબભાઇ તા. ૦૫/૦૩/૧૯૮૩ ના રોજ થા તે અરસામાં ગુજરી જતા તેમના સીધીલીટી ના વારસોમાં તેમના પુત્રો રમેશભાઇ ઠાકોરભાઇ, હસમુખભાઇ ઠાકોરભાઇ, ગુણવંતભાઇ ઠાકોરભાઇ, ધીરૂભાઇ ઠાકોરભાઇ, નટવરભાઇ ઠાકોરભાઇ, ભુપેન્દ્રભાઇ ઠાકોરભાઇ ચાલી આવેલા. મર્હુમ ઠાકોરભાઇ ગુલાબભાઇ ની વારસાઇ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ માં એન્ટ્રી નં. ૫૧૫૮ તા. ૩૦/૦૯/૧૯૮૩ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ મંજુર કરવામાં આવેલ. ત્યારાબાદ છગનભાઇ ગુલાબભાઇ દેસાઇ તા. ૨૫/૧૨/૧૯૯૫ ના રોજ થા તે અરસામાં ગુજરી ગયેલા. તેમના સીધીલીટીના વારસોમાં તેમની વિધવા શાંતાબેન છગનભાઇ પુત્રીઓ નામે જશુબેન, નીરૂબેન, દમયંતિબેન, ચંચળબેન, સુશીલાબેન, મીનાક્ષીબેન, અને એક પુત્ર નામે ભીખુભાઇ ચાલી આવેલા, મર્હુમ છગનભાઇ ગુલાબભાઇના વારસદારો પૈકી ભીખુભાઇ છગનભાઇના લાભ માં તેમની તમામ બહેનોએ તેઓના હક્ક હિસ્સો જતો કરેલો અને તે અંગે રેવન્યુ રેકર્ડ માં સંમતિ જવાબો પણ આપેલા. અને તે રીતે મર્હુમ છગનભાઇ ની વારસાઇ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ માં એન્ટ્રી નં. ૫૮૩૯ તા. ૦૪/૦૫/૧૯૯૬ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ મંજુર કરવામાં આવેલ. ત્યારબાદ મણીભાઇ ગુલાબભાઇ તા. ૨૬/૦૪/૧૯૭૪ ના રોજ થા તે અરસામાં ગુજરી જતા તેમના વારસો માં તેમની વિધવા સવિતાબેન તે મણીભાઇ ગુલાબભાઇ ની વિધવા એક પુત્ર નામે કિશોરભાઇ મણીભાઇ ચાલી આવેલા. મર્હુમ મણીભાઇ ગુલાબભાઇ ની વારસાઇ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ માં એન્ટ્રી નં. ૫૯૧૭

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ	બ્લોક નં.	ટી.પી.નં.	ફા.પ્લોટ નં.	ફ્લેટ નં.	ક્ષેત્રફળ
વેચાણ દસ્તાવેજ	ડીડોલી	૧૪૫	૬૯	૧૩૦		ચો.મી.

તા.૦૩/૧૧/૧૯૯૭ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ મંજુર કરવામાં આવેલ. ત્યારબાદ રમેશભાઇ ઠાકોરભાઇ તા. ૨૬/૦૭/૧૯૭૬ ના રોજ યા તે અરસામાં ઓસ્ટ્રેલીયા મુકામે ગુજરી ગયેલા. તેમના કાયદેસરના સીધીલીટી ના વારસદારો માં તેમની વિધવા સુશીલાબેન તે રમેશભાઇ ઠાકોરભાઇ ની વિધવા સંજયભાઇ, ગાયત્રીબેન અને મોહિનીબેન ચાલી આવેલા. મર્હુમ રમેશભાઇ ઠાકોરભાઇ ની વારસાઇ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ માં એન્ટ્રી નં. ૫૯૧૮ તા.૦૬/૧૧/૧૯૯૮ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ મંજુર કરવામાં આવેલ. ત્યારબાદ મગનભાઇ પરભુભાઇ તા. ૨૪/૦૪/૧૯૯૮ ના રોજ યા તે અરસામાં ગુજરી જતાં તેમના સીધીલીટી ના વારસોમાં તેમની વિધવા લલીતાબેન તે મગનભાઇ પરભુભાઇ ની વિધવા પુત્રો નામે અમૃતભાઇ, મહેન્દ્રભાઇ, ઠાકોરભાઇ અને પુત્રી નામે કુસુમબેન ચાલી આવેલા. મર્હુમ પરભુભાઇ ની વારસાઇ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ માં એન્ટ્રી નં. ૫૯૨૪ તા.૧૮/૧૧/૧૯૯૮ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ મંજુર કરવામાં આવેલ. ત્યારબાદ લલીતાબેન તે મગનભાઇ પરભુભાઇ ની વિધવા તથા કુસુમબેન તે મગનભાઇ પરભુભાઇ ની છોકરીએ સામાયિકપણાના લેખ થી નામ કમી કરાવવા નો કરાર તા. ૨૪/૦૬/૧૯૯૯ ના રોજ કરી આપેલો. સદરહું જમીન નવી શરતની હોય સદર કરાર અન્વયે મહે. નાયબ કલેકટર ચોર્યાસી પ્રાંત સાહેબ ને અરજી કરતાં તેઓના હુકમ નં. જમન/હક્પ/વશી-૨૭૭૨/૯૯ તા. ૩૧/૧૨/૧૯૯૯ ના રોજ હુકમ અન્વયે તેઓનું નામ રેવન્યુ રેકર્ડમાંથી માલીક તરીકે કમી કરેલું જે અંગેની પ્રમાણિત નોંધ રેવન્યુ રેકર્ડ માં એન્ટ્રી નં. ૫૯૯૩ તા.૧૭/૦૨/૨૦૦૦ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ મંજુર કરવામાં આવેલ.

સદરહું જમીનના મુળ માલીક ભાલચંદ્ર શંકરરાય ગણોતિયાને મહે. મામલતદારશ્રી એ હુકમ કરી ૩૨-ગ જમીન ખરીદી નું પ્રમાણપત્ર આપેલ અને તે અન્વયે તેઓએ મામલતદારશ્રીના હુકમ અન્વયે નક્કી કરેલી રકમ ભરપાઇ કરેલી. પરંતુ રેવન્યુ રેકર્ડ માં જમીન માલિકનાં લેણા તરીકે બીજા હક્ક માં બોજો ચાલી આવેલો હતો. જે બોજો દુર કરાવવા ગણોતિયાએ અરજી કરતા સદર બોજો કમી કરેલો. જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ માં એન્ટ્રી નં. ૬૧૩૩ તા.૩૧/૦૩/૨૦૦૨ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ મંજુર કરવામાં આવેલ.

ત્યારબાદ નાનુભાઇ ગુલાબભાઇ તા. ૦૮/૧૦/૧૯૯૨ ના રોજ યા તે અરસામાં ગુજરી ગયેલા. નાનુભાઇ ગુલાબભાઇએ તેમની હયાતીમા તા. ૨૮/૦૧/૧૯૮૫ ના રોજ એક વીલ યાને વસીયતનામું કરેલુ. જે વીલ મહેરબાન

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ	બ્લોક નં.	ટી.પી.નં.	ફા.પ્લોટ નં.	ફ્લેટ નં.	ક્ષેત્રફળ
વેચાણ દસ્તાવેજ	ડીડોલી	૧૪૫	૬૯	૧૩૦		ચો.મી.

સુરતના સબ-રજીસ્ટ્રાર સાહેબ ની કચેરી માં ૩ નંબર ની બુક ના ૯૫૫ નંબરે થી તા. ૨૮/૦૧/૧૯૮૫ ના રોજ નોંધાયેલ. જે વીલ થી મર્હુમ નાનુભાઇ ગુલાબભાઇ ના પુત્રો નામે ધર્મેશભાઇ ભીખુભાઇ દેસાઇ અને મીતેષભાઇ ભીખુભાઇ દેસાઇ તથા ભત્રીજા ભીખુભાઇ છગનભાઇ દેસાઇ ની ઘણીયાણીને આપી. જેથી નાનુભાઇ ગુલાબભાઇ દેસાઇ ગુજરી જતા વિલ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ માં એન્ટ્રી નં. ૬૧૪૨ તા.૨૦/૦૫/૨૦૦૨ ના રોજ કરવામાં આવેલ. સદર નોંધ અંગે મર્હુમ નાનુભાઇ ગુલાબભાઇ દેસાઇ ની દિકરી ભાનુબેન તે નાનુભાઇ ગુલાબભાઇ દેસાઇ ની દીકરીએ વાંધા અરજી આપતા આર.ટી.એસ. રેવન્યુ પ્રકરણો થયેલા. ત્યારબાદ ભાનુબેન તે નાનુભાઇ ગુલાબભાઇ દેસાઇ ની છોકરીએ મહે. સુરતના સીવીલ જજ સાહેબની કોર્ટ માં સ્પે.દિ.મુ.નં. ૪૧૨/૨૦૧૧ નો વહેંચણ જાહેરાત તથા જાથુકી મનાઇ હુકમ વિગેરે મેળવવાનો દાવો કરેલો. સદર દાવામાં પક્ષકારો વચ્ચે સમાધાન થતા ભાનુબેન તે નાનુભાઇ દેસાઇ ની છોકરીએ તા. ૦૬/૧૦/૧૯૬૯ ના રોજ રજી. ૩૪૯૮ થી કરી આપેલ રીલીઝ દસ્તાવેજ તથા મર્હુમ નાનુભાઇ ગુલાબભાઇ દેસાઇ નું તા. ૨૮/૦૧/૧૯૮૫ ના રોજ નું વીલ યાને વસિયતનામું રજી. નં. ૯૫૫ તા. ૨૮/૦૧/૧૯૮૫ ને કબુલ મંજુર રાખેલું અને તે અન્વયે નામદાર કાર્ટ તા. ૨૫/૦૮/૨૦૧૧ ના રોજ હુકમનામું કરી આપેલુ. જે હુકમનામું મહે. સુરતના સબ રજીસ્ટ્રાર સાહેબ ની કચેરી માં ૧ નંબર ની બુક માં ૧૮૭૯૭ નંબરે થી તા. ૦૩/૧૦/૨૦૧૧ ના રોજ થી નોંધાયેલ છે. જે હુકમનામાની નોંધ રેવન્યુ રેકર્ડ માં નોંધ નં. ૧૬૩૨ તા. ૦૭/૦૩/૨૦૧૨ રોજ નોંધાયેલ છે. ભાનુબેન તે નાનુભાઇ ગુલાબભાઇ દેસાઇ ની દિકરી સાથે મહેસુલ (વિવાદ), અમદાવાદ સમક્ષ જે રેવન્યુ પ્રકરણો ચાલતા હતા તે રેવન્યુ પ્રકરણોનો તા. ૨૫/૦૮/૨૦૧૧ ના હુકમનામા અન્વયે નિકાલ કરેલો. જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ માં એન્ટ્રી નં. ૧૫૭૨ તા. ૧૫/૧૧/૨૦૧૧ ના રોજ કરવામાં આવેલ.

સદરહું જમીનને ટી.પી. સ્કીમ નં. ૬૯ (ડીડોલી-ગોડાદરા) લાગુ પડતા સદરહું બ્લોક નં. ૧૪૫ વાળી જમીનને ફાયનલ પ્લોટ નં. ૧૩૦ આપવામાં આવેલ અને તે અન્વયે ૧૪૯૭૧ સમ ચોરસ મીટર જમીન ફાળવી આપવામાં આવેલ. સદરહું જમીન નવી શરત ની જમીન રહેલી હોવાથી તેને જુની શરતમાં ફેરવવા અને હેતુફેર ની પરવાનગી મેળવવા માટે કલેકટરશ્રી સુરતની કચેરી માં અરજી આપેલી અને તે અરજી અન્વયે કાર્યવાહી પુર્ણ થતા રાજય સરકાર તરફ થી મહેરબાન કલેકટરશ્રી, સુરતનાને સુચના આપતો પત્ર નં. ગણત/૧૬૨૦૧૨/૧૩૩૭/ઝ તા. ૨૪/૦૫/૨૦૧૨ થી સુચના આપેલ. અને તે મુજબ

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ	બ્લોક નં.	ટી.પી.નં.	ફા.પ્લોટ નં.	ફ્લેટ નં.	ક્ષેત્રફળ
વેચાણ દસ્તાવેજ	ડીડોલી	૧૪૫	૬૯	૧૩૦		ચો.મી.

મહેરબાન કલેકટર સાહેબ, સુરતનાએ શ્રી ભીખુભાઇ છગનભાઇ દેસાઇને તા. ૦૮/૦૬/૨૦૧૨ થી પત્ર નં. ગણત/વશી/૫૪૩૨/૧૨ થી પ્રિમીયમ ભરવાની સુચના અન્વયે પ્રિમીયમ ભરવાની સુચના આપેલી. જેથી તા. ૧૨/૦૬/૨૦૧૨ ન એકસીસ બેંક, ઘોડદોડ રોડ શાખા, સુરતમાંથી સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, નાનપુરા શાખા માં ચેક નં. ૪૮૫૧૦૮ થી ચલણ નં. ૨૫૬/૨૦૧૨ નું પ્રિમીયમ ભરપાઇ કરેલ. જે અંગે કલેકટર સાહેબશ્રી ના હુકમ નં. ગણત/રજી.નં. ૪૫૯/૧૧ વશી ૬૦૫૬/૧૨ તા. ૦૭/૦૭/૨૦૧૨ થી બિનખેતી ના રહેઠાણ ના ઉપયોગ માટે જુની શરત માં તબદીલ કરવામાં આવેલ. જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ માં એન્ટ્રી નં. ૧૬૮૪ તા. ૦૯/૦૭/૨૦૧૨ ના રોજ કરવામાં આવેલ. જે તા. ૨૯/૦૯/૨૦૧૨ ના રોજ પ્રમાણિત થયેલી. ત્યારબાદ સદર જમીનના માલીકોએ સદર જમીન રેસીડેન્સી કમ વાણિજય હેતુ માટે સુધારા અરજી કરતા સદર અરજી ના અનુસંધાન માં કલેકટર સાહેબે સુધારા હુકમ નં. ગણત/વશી નં. ૧૬૫૦/૨૦૧૩ તા. ૧૩/૦૩/૨૦૧૩ થી માજે ડીડોલી તા. સીટી ના સ.નં. ૮૭ બ્લોક નં. ૧૪૫ ની ક્ષેત્રફળ ૨-૩૦-૩૨ ચો.મી. ટી.પી. ૬૯ ફા.પ્લોટ નં. ૧૩૦ ની ૧૪૯૭૧ ચો.મી. પૈકી ૧૨૬૦.૦૩ ચો.મી. જમીન વાણિજયીક હેતુ માટે હેતુફેર કરવા હેતુસર મંજુરીના આમુખ (૨) ના હુકમ માં શરતો આધીન સુધારા હુકમ કરવામાં આવેલ છે. જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ માં એન્ટ્રી નં. ૧૯૧૪ તા. ૦૫/૦૪/૨૦૧૩ ના રોજ કરવામાં આવેલ. જે નોધ મંજુર થયેલી.

ત્યારબાદ સર્વે નંબરવાળી જમીન ઇશ્વરભાઇ ગોપાળજીભાઇ વિગેરેના નામે ચાલે છે. સદર જમીન માં (૧) ધર્મેશકુમાર ભીખુભાઇ (૨) મોહીની રમેશ દેસાઇ (૩) મીતેશકુમાર ભીખુભાઇ નું નામ સગીર તરીકે ચાલે છે. જે પુખ્તવય ના થતા તેમના ઉમર અંગેના આધારો રજુ કરતા સીગર શબ્દ કમી કરવા તથા સગીર ના વાલી તરીકે નોંધાયેલનું નામ સગીર પાછળ થી કમી કરવા અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ માં એન્ટ્રી નં. ૧૭૮૩ તા. ૦૬/૦૯/૨૦૧૨ ના રોજ કરવામાં આવેલ. જે તા. ૧૭/૧૧/૨૦૧૨ ના રોજ પ્રમાણિત થયેલી.

ત્યારબાદ તેઓ યાને જમીન માલિકો ઇશ્વરલાલ ગોપાળજીભાઇ વિગેરે પાસેથી રવિ રજનીકાંત દેસાઇ નાએ કિંમતી વેચાણ અવેજની રૂએ ખરીદ કરેલ. જે વેચાણ દસ્તાવેજ મહે. સુરત ના સબ રજીસ્ટ્રાર સાહેબશ્રી (નવાગામ) ની કચેરીમાં ૧ નંબર ની બુક માં અનુક્રમ નં. ૧૨૨૦૫ થી તા. ૨૩/૦૮/૨૦૧૨ ના રોજ નોંધવામાં આવેલ છે. જે વેચાણ અંગેની નોધ ગામ દફતરે ગામ નમુના નં. ૬ માં

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ	બ્લોક નં.	ટી.પી.નં.	ફા.પ્લોટ નં.	ફલેટ નં.	ક્ષેત્રફળ
વેચાણ દસ્તાવેજ	ડીડોલી	૧૪૫	૬૯	૧૩૦		ચો.મી.

એન્ટ્રી નં. ૧૭૯૩ થી તા. ૧૦-૦૯-૨૦૧૨ ના રોજ કરવામા આવેલ. જે નોંધ તા. ૨૧-૦૧-૨૦૧૩ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

સદરહું જમીનમાં બિનખેતી કૃત્ય કરવા માટે તથા બાંધકામ કરવા માટે તેના માલીક રવિ રજનીકાંત દેસાઇ ના એ અરજી કરેલ જે અન્વયે મે. ટાઉન પ્લાનર ઓફિસર, સુરત મ્યુનીસીપલ કાર્પોરેશન દ્વારા વિકાસ પરવાનગી નં. ટી.ડી.ઓ/ડી.પી./નં. ૩૦ તા. ૨૪/૦૪/૨૦૧૩ થી બાંધકામ પરવાનગી આપવામાં આવેલ છે. જે પ્રમાણે સદરહું જમીનમાં બીનખેતી નું કૃત્ય કરવા માટે મે. સુરત ના જીલ્લા કલેકટર સાહેબને અરજીકર્તા તેના અનુસંધાનમા મે. સુરતના કલેકટર સાહેબશ્રી ના હુકમ ક્રમાંક : એ/બખપ/ગ.ધા.ક.૪૩/એસ.આર. નં. ૫૩/૧૨-૧૩/વશી ૧૮૭૦/૨૦૧૩ તા. ૧૬/૦૪/૨૧૩ થી રહેણાંક કમ વાણિજયના હેતુ માટે બિનખેતી પરવાનગી આપવામાં આવેલ છે.

ત્યારબાદ સદરહુ રે.સ.નં. ૮૭, **બ્લોક નં. ૧૪૫** વાળી કુલ્લે ૨-૩૦-૩૨ હેકટર આરે ચો. મી. આકાર રૂા. ૩૨-૪૩ પૈસા વાળી જમીન ને **ટી. પી. સ્કીમ નં. ૬૯ (ડીડોલી-ગોડાદરા) ફા.પ્લોટ નં. ૧૩૦** થી ૧૪૯૭૧ ચો.મી. ફાળવવામાં આવેલ બિનખેતી જમીન ઉપર ''મંગલમ પાર્ક'' માં આવેલ **"એ થી ચુ"** બલ્ડીગો પૈકી **" આર "** બીલ્ડીગ તળે આવતી **૩૦૪.૯૬ ચો.મી.** જમીન તથા સી.ઓ.પી. + માર્જીન + રોડ-રસ્તાની વણ-વહેચાયેલ હિસ્સાની **૩૯૨.૯૫ ચો.મી.** જમીન મળી કુલ્લે **૬૯૭.૯૧ ચો.મી.** જમીનમાં ફાળે પડતા વણ-વહેચાયેલ હિસ્સા સહીત તેના માલીક પાસેથી હમો બીજા પક્ષનાં યાને પ્રતીક ગોરધનભાઇ વાઘાણીએ કિંમતી વેચાણ અવેજની રૂએ ખરીદ કરેલ. જે વેચાણ દસ્તાવેજ મહે. સુરત ના સબ રજીસ્ટ્રાર સાહેબશ્રી-૨ (ઉધના) ની કચેરીમાં ૧ નંબરની બુકમાં અનુક્રમ નં. ૧૪૧૦૫ થી તા. ૨૧/૧૨/૨૦૧૩ નાં રોજ નોંધવામાં આવેલ છે. આમ હમો બીજા પક્ષનાની સુવાંગ માલીકી તથા કબજા ભોગવટા ની ચાલી આવેલ છે. સદરહું બીનખેતી થયેલ જમીનનો હમો બીજા પક્ષના હમારી મરજી મુજબ નો ઉપભોગ, ભોગવટો, વહીવટ, વ્યવસ્થા, વેચાણ વિગેરે કરવા કરાવવા સંપુર્ણ હકક અને અધિકાર ધરાવીએ છીએ. જે હકક અને અધિકારની રૂએ સદરહું જમીન પર **"ગ્રીનવેલી રેસીડન્સી"** નામની ઇમારતનું બાંધકામ કરેલ છે. જેમાં આવેલ ફલેટો પૈકી નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગત અને વર્ણન વાળી મીલકત હમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ છે. જેનો આ અઘાટ વેચાણ દસ્તાવેજ લખી આપેલ છે.

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ	બ્લોક નં.	ટી.પી.નં.	ફા.પ્લોટ નં.	ફલેટ નં.	ક્ષેત્રફળ
વેચાણ દસ્તાવેજ	ડીડોલી	૧૪૫	૬૯	૧૩૦		ચો.મી.

સદરહું ફલેટની કુલ્લે વેચાણ કીમત **રૂા./- પુરા** ઉચક આપણે પક્ષકારો વચ્ચે નકકી કરવામાં આવેલ છે. જે કીમંત સદરહું ફલેટ ની સ્થળ સ્થીતી તથા સદરહું વિસ્તાર ની બજાર કીમંત મુજબ યોગ્ય છે. અને જે કીમંત આપણે બંનેએ માન્ય રાખેલ છે. જે રકમ હમો બીજા પક્ષનાંને તમો પહેલા પક્ષનાએ નીચે અવેજમાં દર્શાવેલ વિગતે ચુકવી આપેલ છે. જેથી જે કીમંત બાબતે હમો બીજા પક્ષનાએ કે તમો પહેલા પક્ષનાએ કે આપણા વંશવાલી વારસોએ કશી પણ તર તકરાર કરવાની નથી. અને કરવામાં આવે તો તે આથી રદબાતલ અને નીરર્થક થાય અને ગણાય સહી.

સદરહું મીલકત ના પરિશીષ્ટ માં દર્શાવેલ કારપેટ, બીલ્ટઅપ તથા સુપર બીલ્ટઅપ એરીયાનું માપ અંદાજીત છે. પરંતુ આપણા વચ્ચે થયેલ વેચાણ વ્યવહાર સાથે તેને કોઇ સંબંધ નથી. આપણા વચ્ચે થયેલ વેચાણ વ્યવહાર વેચાણ આપેલ મીલકત ની સ્થળ સ્થીતી મુજબ વપરાશના એરીયા પ્રમાણે ઉચ્ચક કીમંત નકકી કરી જે કીમંત આપણે બંને પક્ષકારોએ માન્ય રાખેલ છે. જેથી જે બાબતે તમો પહેલા પક્ષનાએ કે તમારા વંશવાલી વારસોએ કશી પણ તર તકરાર કરવા કે કરાવવાની નથી. અને આવી કોઇ પણ જાતની તર તકરાર કરવા કે કરાવવામાં આવે તો તે આથી રદ બાતલ થાય અને ગણાય સહી.

સદરહું હમો બીજા પક્ષનાએ હમારી પ્રત્યક્ષ કબજા ભોગવટાની પરીશીષ્ટમાં જણાવેલ વિગત વાળી મીલકતનો કબજો અષ્ટમાં સિધ્ધી નવે નીધી યાવત ચંન્દ્રે દીવા કરો કાળ સારૂ સંપુર્ણ સ્વામીત્વના હકકોથી તમો પહેલા પક્ષનાને પ્રત્યક્ષ આજ રોજ હમો બીજા પક્ષનાએ સુપ્રત કરી આપેલ છે. જે તમોએ માપી, ચકાસી, સ્થળ નીરીક્ષણ કરી પુરી ખાત્રી સંભાળી લીધેલ છે. જેથી હવે મીલકત ના ક્ષેત્રફળ બાબતે કે બાંધકામ બાબતે કે કબજા બાબતે કોઇ પણ જાતની તર તકરાર તમો પહેલા પક્ષનાએ કરવા કે કરાવવાની નથી. તેમ છતા કબજા બાબતે તમો પહેલા પક્ષનાએ કે તમારા વંશવાલી વારસોએ કોઇ પણ પ્રકારની તર તકરાર કરવામાં આવે તો તે આથી રદ બાતલ થાય અને ગણાય સહી.

સદરહું મીલકત હમો બીજા પક્ષનાએ હમારા માલીકી કબજા વહીવટ માંથી કાઢી તમો પહેલા પક્ષના માલીકી, કબજા, વહીવટમાં સુપ્રત કરી આપેલ હોય

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ	બ્લોક નં.	ટી.પી.નં.	ફા.પ્લોટ નં.	ફલેટ નં.	ક્ષેત્રફળ
વેચાણ દસ્તાવેજ	ડીડોલી	૧૪૫	૬૯	૧૩૦		ચો.મી.

સદરહું મીલકતનો તમો પહેલા પક્ષના કાયદાની જોગવાઇઓને આધીન રહી તમારી મરજી મુજબનો વહીવટ, વ્યવસ્થા, ઉપભોગ, ભોગવટો, કરવા, કરાવવા કે અન્યને વેચાણ, ગીરો, બક્ષીસ કે ભાડેપટ્ટે આ હરકોઇ પ્રકારે તબદીલ કરવા માલીક, મુખત્યાર, કબજેદાર, હકકદાર છો સહી અને તેમાં હમારી કે હમારા વંશવાલી વારસોની કશી પણ તર-તકરાર, હરકત, અંતરાઇ, અવરોધ, કે દખલ દરમીયાનગીરી ચાલશે નહી, અને જો કરવામાં આવે તો તે આથી રદ બાતલ અને નીરર્થક થાય અને ગણાય સહી.

સદરહું પરીશીષ્ટમાં જણાવેલ મીલકત હમો બીજા પક્ષનાએ આ અગાઉ અન્ય કોઇ પણને અન્ય કોઇ પણ રીતે કે પ્રકારે ગીરો, વેચાણ, બક્ષીસ કે ભાડેપટ્ટેથી આપેલ નથી, કે તે અંગે કરારો કર્યા નથી, કે તેના પર કોઇનો ચાર્જ યાને બોજો નથી કે લીયન કે કોર્ટની જપ્તી કે અવલ જપ્તી નથી કે ટાંચ કે મનાઇ નથી કે બીજા કોઇના પોષાકી કે ઇઝમેન્ટના હકકો નથી કે એકવીઝીશન, રેકવીઝીશન કે રીઝર્વેશન માં નથી. કે તે અંગે કોર્ટ માં કોઇ પ્રકરણો કે કેસો ચાલતા નથી. તેમજ સદરહું મીલકત હમો બીજા પક્ષનાએ ઇકવીટેબલ મોર્ગેજ માં મુકેલ નથી. કે ટ્રસ્ટ કે સેટલમેન્ટ કર્યુ નથી. કે જામીન થઇ જામીન ગીરી માં મુકેલ નથી. કે ઇન્કમટેક્ષ, સેલટેક્ષનો બોજો નથી, કે આ મીલકત પર કોઇ પણ પ્રકારનું સરકારી કે અર્ધ-સરકારી સંસ્થાનું કે સહકારી મંડળી કે અન્ય વ્યકિત કે બેંકનું કરજ કે દેવું બાકી કરેલ નથી. ટુકમાં સદરહું જમીન હમો બીજા પક્ષનાએ સંપુર્ણ ટાઇટલ કલીયર સાથે ખરીદ કરેલ હોય તેવા જ તદન નકરજી, નબોજી, નજોખમી, ચોખ્ખા માર્કેટેબલ ટાઇટલ વાળી છે. જે ટાઇટલ અંગે તમો પહેલા પક્ષનાએ પાકી ખાત્રી કરી કરાવી ત્યારબાદ સદરહું મીલકત ખરીદ કરેલ છે. જેથી ટાઇટલ બાબતે પહેલા પક્ષનાએ કે તમારા વંશવાલી વારસોએ કોઇ પણ જાતની તર તકરાર કરવા કે કરાવવાની નથી. તેમ છતા આવી કોઇ પણ જાતની ટઇટલ બાબતે તર તકરાર તમો પહેલા પક્ષના કે તમારા વંશવાલી વારસો તરફથી કરવા કે કરાવવામાં આવે તો તે આથી રદ બાતલ થાય અને ગણાય સહી.

સદરહુ જમીન ઉપર આયોજન કરવામાં આવેલ ઇમારતોનું નામ **“ગ્રીનવેલી રેસીડન્સી”** નામ આપવામાં આવેલ છે તે નામ બદલવાનો તમો પહેલા પક્ષના ને કોઇ અધિકાર પહોચ તો નથી.

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ	બ્લોક નં.	ટી.પી.નં.	ફા.પ્લોટ નં.	ફલેટ નં.	ક્ષેત્રફળ
વેચાણ દસ્તાવેજ	ડીડોલી	૧૪૫	૬૯	૧૩૦		ચો.મી.

તમોને વેચાણ આપેલ વર્ણન માં દર્શાવેલ મિલકત સિવાય અન્ય કોઇ ભાગ ઉપર કે રાસુકી કોમન જગ્યા કે ભાગમાં તમોએ કે તમારા કબજેદાર, ધારણ કરનારે કોઇ બોર્ડ, હોર્ડીંગ, નેઇમ પ્લેટ કે સર સામાન મુકવાના કે લગાવવાનાં નથી કે લટકાવવાનાં નથી કે ચીતરવાનાં નથી.

ભવિષ્યમાં **"ગ્રીનવેલી રેસીડન્સી"** નાં સભ્યો ઓકયુપાયર્સ બિલ્ડીગનાં તથા તેમાં આવેલ સવલતોના મેઇન્ટેનન્સ, રીપેરીગ, રીપ્લેસ્મેન્ટ, મેનેજમેન્ટ ઇત્યાદી માટે જે એસોસીએશન, સર્વિસ સોસાયટી કે નોન ટ્રેડીગ કોર્પોરેશન ઇત્યાદીની રચના કરે તેમાં તમો પહેલા પક્ષનાંએ ફરજીયાત સભ્ય થવુ પડશે અને એસોસીએશન, એન.ટી.સી. કે સર્વિસ સોસાયટી નાં રૂલ્સ અને રેગ્યુલેશન પ્રમાણે જે કાંઇ શેર મેળવવા જરૂરી હોય તે પ્રમાણે ફોર્મ ભરી તેમજ નાણાં ભરી તમો પહેલા પક્ષનાએ સભ્ય બનાવનું રહેશે અને તમોએ એસોસીએશન, એન.ટી.સી. કે સર્વિસ સોસાયટી તરફેનાં એડવોકેટ જે આર્ટીકલ તેમજ મેમોરેન્મ ઓફ એસોસીએશન કે બાયોલોઝ ઘડે તે પ્રમાણે તમોએ વર્તન કરવાનું પડશે. અને સદરહુ વર્ણનમાં દર્શાવેલ મિલકત માં જે જે કોમન સર્વિસીસ આપવામા આવેલ છે. તેની જાળવણી, રીપેર, રીપ્લેસ્મેન્ટ, સફાઇ, ચોખ્ખાઇ વિગેરે તમામ માણસો, એકાઉન્ટન્ટ, ચોકીદાર, લીફટમેન તથા અન્ય જે કોઇ ઇસમને પગાર યા અન્ય રીતે રોકવામા આવે તે તમામ તથા કોમન જગ્યાનાં વેરાઓ, શિક્ષણ ઉપકર, આખી ઇમારતના જે મેઇન્ટેનન્સ ખર્ચ થાય તેમાં તમોએ નિયમિતપણે ફાળે પડતી ખર્ચ ની રકમ દર માસે યા એડવાન્સમાં યા નકકી કરવામા આવે તે પ્રમાણે નિયમિતપણે ચુકવવાની રહેશે. તેમ કરવામા તમો કસુર કરો તો હમો વેચાણ આપનાર તમોને વેચાણ આપેલ વર્ણન ની મિલકત અંગેની સદરહુ કોમન સર્વિસીસ નાં વપરાશથી, ઉપયોગથી વગર નોટીસે વંચિત કરવા, બંધ કરવા હકકદાર રહીશું સહી. એટલુ જ નહી પરંતુ ભવિષ્યમા સદરહુ વર્ણનમાં દર્શાવેલ મિલકત અંગે જે ઓનર્સ, એસોસીયેશન, સર્વિસ સોસાયટી કે એન.ટી.સી. રચાય યા જે વ્યવસ્થા કરવામા આવે તેનાં જે તે વખતનાં હોદ્દેદારો, વહીવટદાર પણ તમોને વગર નોટીસે સદરહુ કોમન સર્વિસોની મેઇન્ટેનન્સ રકમ એડવાન્સમાં ન ભરવાનાં કસુરને કારણે સદરહુ કોમન સુવિધાઓ થી વંચિત કરવા, બંધ કરવા હકકદાર રહેશે સહી. એટલુ જ નહી, પરંતુ જે તે એસોસીયેશન, સોસાયટી કે એન.ટી.સી. વિગેરેનાં રૂલ્સ, રેગ્યુલેશન, નિતી, નિયમો પ્રમાણે પણ તમો સામે

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ	બ્લોક નં.	ટી.પી.નં.	ફા.પ્લોટ નં.	ફલેટ નં.	ક્ષેત્રફળ
વેચાણ દસ્તાવેજ	ડીડોલી	૧૪૫	૬૯	૧૩૦		ચો.મી.

તમારા ખર્ચે પગલા ભરવા તેઓ હકકદાર રહેશે. તમો ખરીદનારે ભવિષ્યમાં હમો વેચાણ આપનારને તેમજ **“ગ્રીનવેલી રેસીડન્સી”** માં જે તે ઓનર્સ, મેમ્બર્સ, ઓકયુપાયર્સ ઉપર જણાવ્યા પ્રમાણે જે તે એસોસીયેશન, એન.ટી.સી. કે સર્વિસ સોસાયટી ની રચના કરે તેનાં હોદ્દેદારો તેમજ વેચાણ આપનાર કે ઉપર જણાવ્યા પ્રમાણે કોર્પોરેટ બોડી તરફથી જે કારીગરો, મજુરો વિગેરેને રોકવામાં આવે તેઓને તમો ખરીદનારે વર્ણનમાં જણાવેલ મિલકતમાં વખતો વખત ચકાસણી માટે દાખલ થવા દેવા તેમજ મિલકતમાં જે પાણી, ડ્રેનેજ, ટેલીફોન, ઇલેકટ્રીક, કેબલ, ગેસ, વિજળી, ઇટરનેટ ઇત્યાદી લાઇનો કે બીજી લાઇનો હોય કે ભવિષ્યમાં નવી લાઇનો નાંખવા માટે કે હાલની ઉપર જણાવેલ કે નવી લાઇનો નંખાય તેનાં રીપેર, રીપ્લેસ્મેન્ટ ચકાસણી વિગેરે માટે કે તે પૈકીની કોઇ પણ લાઇનો જરૂર પડયે હંગામી કે કાયમી ધોરણે બંધ કરવા માટે વર્ણનમાં દર્શાવેલ મિલકત માં દાખલ થવા દેવાનાં રહેશે અને તે માટે ખરીદનારે તથા કબજેદારે, વપરાશદારે જરૂરી સાથ, સહકાર આપવાનો રહેશે અને તે પ્રમાણે કાયમી કે હંગામી ધોરણે જે સર્વિસ બંધ કરવામાં આવે તે માટે ખરીદનાર કે કબજેદાર, વપરાશદાર કોઇ નુકશાની માંગવા હકકદાર રહેશે નહી.

તમોને વેચાણ આપેલ વર્ણનમાં દશાંવેલ મિલકતનો ઉપભોગ તમો કે તમારા લાયસન્સીઓ, કબજેદારો, ધારણ કરનારે, વપરાશદારે વર્ણનમાં દર્શાવેલ મિલકતા અન્ય ઓકયુપાયરો, માલિકો તેમનાં લાયસન્સીઓ કે **“ગ્રીનવેલી રેસીડન્સી”** નાં આડોશી-પડોશીઓને ત્રાસરૂપ કે ન્યુસન્સ ન થાય તે રીતે કરવા કરાવવાનો રહેશે તેમજ તમો ખરીદનારે કે તમારા લાયસન્સીઓ, કબજેદારો વર્ણનમાં દર્શાવેલ મિલકતમાં ગેરકાયદેસર કે અનૈતિક પ્રવૃતિ કરવા-કરાવવાની નથી તેમજ સદરહુ વર્ણનમાં દર્શાવેલ આખી મિલકતમાં કે કોમન પેસેજ, જવા આવવાનાં માર્ગ, દાદરો, પાર્કીંગ, ખુલ્લી અગાસી વિગેરે કોમન વપરાશનાં ભાગમાં કોઇ માલ સામાન મુકવા મુકાવવાનો નથી કે અન્યને અડચણ થાય તેવી પ્રવૃતિ કરવાની નથી.

તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ મિલકતનો કોઇ વસ્તુનાં ઉત્પાદન કે પ્રિન્ટીગ પ્રેસ માટે વર્કશોપ કે વર્ણનમાં દર્શાવેલ મિલકતના અન્ય માલિકો, ઓકયુપાયર્સ ને અવાજ, હવા ઇત્યાદી નું પોલ્યુશન થાય તેવા હેતુ માટે વાપરવાની

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ	બ્લોક નં.	ટી.પી.નં.	ફા.પ્લોટ નં.	ફલેટ નં.	ક્ષેત્રફળ
વેચાણ દસ્તાવેજ	ડીડોલી	૧૪૫	૬૯	૧૩૦		ચો.મી.

નથી કે વર્ણનમાં દર્શાવેલ મિલકતનાં અન્ય કબજેદારો, માલિકો કે તેમનાં લાયસન્સીઓને નુકશાન થાય તેવા કોઇ કાર્યો કરવા કરાવવાનાં નથી કે તેવા કાર્યો માટે તેનો ઉપયોગ કરવા કરાવવાનો નથી.

તમોને વેચાણ આપેલ વર્ણનમાં દર્શાવેલ મિલકતની બીમ, કોલમ, સ્લેબ, તેમજ દિવાલો હોય તેમાં ફેરફાર કે સુધારા વધારા કરવા કરાવવાનાં નથી કે **"ગ્રીનવેલી રેસીડન્સી"**નાં બાહ્ય દર્શનમાં કે બાહ્ય કલરમાં ફેરફાર થાય તે પ્રમાણે ફેરફાર કે સુધારા વધારા તમારે કરવા કરાવવાના નથી તેમજ તમોને વેચાણ આપેલ વર્ણન મુજબની મિલકતની જે રાસુકી દિવાલ હોય તેને કોઇ નુકશાન, તોડફોડ વિગેર કરવા કરાવવાનાં નથી.

તમો પહેલા પક્ષનાંએ કે તમારા લાયસન્સીએ, કબજેદારે તમોને વેચાણ આપેલ વર્ણનમાં જણાવેલ મિલકત સિવાયની બાકીની વર્ણનમાં દર્શાવેલ મિલકતમાં કે તેનાં કોઇ ભાગમાં કચરો, રબીસ મટીરીયલ્સ કે અન્ય કોઇ ચીજ વસ્તુઓ ફેંકવાની કે મુકવાની નથી અને વર્ણનમાં દર્શાવેલ આખી મિલકત સ્વચ્છ અને સુઘડ રહે તે પ્રમાણે વેચાણ આપેલ મિલકતનો વપરાશ કરવાનો છે.

વર્ણનમાં દર્શાવેલ જમીન માંનો જે વણ-વહેચાયેલો અવિભાજય હિસ્સો તમો પહેલા પક્ષનાનાં બાંધેલ ભાગ સાથે ફાળે પડતો વેચાણ આપેલ છે તે જમીનમાનો હિસ્સો તમો છુટા પાડી તમારા હવાલે માંગણી કરવા કે તે પ્રમાણે મેળવવા કે તેની અલગ વહીવટ, વ્યવસ્થા કરવા હકકદાર નથી અને જમીન માંનો હિસ્સો વર્ણનમાં દર્શાવેલ મિલકતના અન્ય માલિકો સાથે સંયુકત રાસુકો રાખવાનો છે.

સદરહું વેચાણ આપેલ મીલકત પર ભરવાના થતા તમામ કરવેરાની રકમ જેવા કે શીક્ષણ ઉપકર, વિશેષ ધારો, લીઝ, હાઉસ ટેક્ષ વિગેરે તેમજ સ્વાયત સંસ્થા ના અન્ય તમામ કરવેરા હમો બીજા પક્ષનાએ આજ દીન સુધીની ભરી આપેલ છે. જેથી આજ રોજ તમો પહેલા પક્ષનાને સ્થળ પર કબજો સોપી આપી સદરહું મીલકત ના માલીક બનાવેલ હોય આ રીતના તમામ વેરાની રકમ આજ દીન પછી તમો મીલકત વેચાણ રાખનાર પહેલા પક્ષનાએ ભરવાની છે. અને જો આ રીત વેરાની રકમ આજ દીન અગાઉની ભરવાની બાકી નીકળે તો તે હમો બીજા પક્ષનાએ ભરી આપવાની છે સહી અને રહેશે સહી.

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ	બ્લોક નં.	ટી.પી.નં.	ફા.પ્લોટ નં.	ફલેટ નં.	ક્ષેત્રફળ
વેચાણ દસ્તાવેજ	ડીડોલી	૧૪૫	૬૯	૧૩૦		ચો.મી.

સદરહું જમીન માં હાલ બાંધવામાં આવેલ ઇમારતની જે ખુલ્લી અગાસી આવેલ છે તેમાં ભવિષ્યમાં વધારાના માળ નું બાંધકામ કરવા નો હમો બીજા પક્ષનાનો અબાધીત હકક છે. જેથી તે પ્રમાણે ભવિષ્યમાં વર્ણનમાં દર્શાવેલ મિલકતમાં જે ડ્રેનેજ, સેનીટેશન, પાણી, ઇલેકટ્રીક, ટેલીફોન ઇત્યાદી લાઇનો છે તેની સાથે અગાસી ટેરેસ તથા તેની પર જે વધારાનું નવુ બાંધકામ કરવામા આવે તે ભાગો નું જે તે લાઇનો નું જોડાણ કરવા તથા લીફટ અમો બીજા પક્ષનાં જે વધારાનાં માળ અગર માળો બાંધીએ ત્યાં સુધી તેની સર્વિસ લંબાવવા યાને તે રીતે લીફટનો ઉપયોગ કરવા અમો બીજા પક્ષનાં હકદાર છીએ અને રહીશુ સહી અને તમો વેચાણ રાખનારે કોઇ અંતરાય, અવરોધ, હરકત, તકરાર કરવા તમો હકકદાર નથી.

સદરહુ વેચાણ ને ગુજરાત ફલેટ ઓનરશીપ એકટની જોગવાઇ લાગુ પડતી નથી એવી સ્પષ્ટતા સાથે સદરહુ મિલકત વેચાણ કરેલ છે અને તે હકીકત નો સ્વીકાર કરી તમો એ મિલકત વેચાણ રાખેલ છે.

તમોને વેચાણ કરેલ વર્ણનમાં દર્શાવેલ મિલકતમાં તમો એરકન્ડીશન મશીન મુકવા હકકદાર રહેશો પરંતુ એરકન્ડીશન વર્ણનમાં દર્શાવેલી મિલકતની અંદર રહે અને કોમન પેસેજ કે દાદર ઉપર પ્રોજેકટ થાય તે રીતે યુનીટ કે મુકવવાનાં નથી તેમજ અન્ય કોઇ જગ્યાએ યુનીટ નડતર રૂપ થાય તેમ કાઢવાનું નથી તેમજ તેમાંથી નીકળતા પાણી નો નિકાલ પણ તમારી પ્રિમાઇસીસ માંથી કરવાનો રહેશે.

ઉપર જણાવ્યા પ્રમાણે તમામ શરતોનું પાલન તમો વેચાણ રાખનારે ચુસ્તપણે કરવાનું રહેશે અને તે તમામ શરતો તમોએ કબુલ, મંજુર રાખી હોય, સદરહુ મિલકત તમોને વેચાણ આપેલ છે એટલુ જ નહી પણ ભવિષ્યમાં વર્ણનમાં દર્શાવેલ મિલકત કોઇને વેચાણ કરો કે ટ્રાન્સફર કે એસાઇન કરો કે ભાડે આપો કે વાપરવા આપો યા અન્ય રીતે કબજો સોંપો યા વ્યવસ્થા કરો તેઓને પણ મજકુર શરત બંધનકર્તા રહેશે, અને તેઓ સાથે તેમાં જે કાંઇ લખાણ કરો તેમાં ઉપરોકત શરતોને સમાવેશ કરવાનો રહેશે, જેમ કરવામાં તમો કસુર કરો તો પણ

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ	બ્લોક નં.	ટી.પી.નં.	ફા.પ્લોટ નં.	ફલેટ નં.	ક્ષેત્રફળ
વેચાણ દસ્તાવેજ	ડીડોલી	૧૪૫	૬૯	૧૩૦		ચો.મી.

મજકુર શરતો તમોને તથા તમારા ટ્રાન્સફર, એસાઇની, લાયસન્સી કે કબજેદાર કે ભાડુત વિગેરે તમામને બંધનકર્તા રહેશે.

સદરહું મીલકત તમામ સરકારી રેવન્યુ રેકર્ડ ઓફ રાઇટસ માં તેમજ ગ્રામ પંચાયત દફતરે તેમજ અન્ય તમામ સરકારી રેવન્યુ રેકર્ડમાં હાલ હમો બીજા પક્ષના નામે તથા માલીકી હકકે નોધાયેલ છે. સદરહું મીલકત હવે પછી આ રીત ના રેવન્યુ રેકર્ડ માંથી હમારા નામેથી કમી કરી તમો પહેલા પક્ષનાના નામે તથા માલીકી હકકે નોધવાની છે. જે રીતના નામ ફેરમાં હમો બીજા પક્ષનાએ જયાં જયાં હમારી સહી સંમતીની જરૂર પડે ત્યાં હમોએ હમારી સહી વીના અવેજે તથા વીના વિલંબે કરી કરાવી આપવાની છે સહી તથા રહેશે સહી.

સદરહું **"ગ્રીનવેલી રેસીડન્સી"** નામની ઇમારતમાં આવેલ તમોને વેચાણ આપેલ ફલેટમાં આવવા તથા જવા માટે સદરહું ઇમારતમાં આવેલ કોમન પેસેજ, તથા દાદર, કોમન લાઇટ જેવી રાસુકી સગવડો નો અન્ય હોલ્ડરો સાથે રાસુકો વપરાશ કરવાનો છે. તેમજ આખી મીલકતમાં આવેલ અંડર ગ્રાઉન્ડ, ઓવર હેડ ટાંકી તથા વોટર પંપ, બોરીંગ, જનરેટર તથા તે સાથે વપરાશના અન્ય સાધનો આવેલ છે તે તમામ નો ઉપયોગ ઇમારતના તમામ ફલેટ હોલ્ડરોએ રાસુકો કરવાનો રહેશે. તેમજ સદરહું મીલકતમાં ગટર કનેકશન તથા પાણી કનેકશન રાસુકા છે. અને તે તમો પહેલા પક્ષનાએ બીજા ફલેટ હોલ્ડરો વિગેરે સાથે રાસુકો વપરાશ કરવા હકકદાર છો સહી. તેમજ સદરહું મીલકતમાં આવેલ દાદરો, કોમન પેસેજ, લાઇટ, ઓવર હેડ ટાંકી તથા વોટર પંપ, ઇલેકટ્રીક મીટરનો તથા ડ્રેનેજ વિગેરેના મેન્ટેનન્સ ચાર્જીસ તથા સફાઇ ખર્ચ, ચોકીદાર ખર્ચ વિગેરે જે આવે તે તમો પહેલા પક્ષનાએ તમામ ફલેટ હોલ્ડરો સાથે ફાળે પડતો ભોગવવાનો રહેશે.

સદરહું વેચાણ દસ્તાવેજ માં **રૂા.-/ પુરા** ના અવેજ બદલ સરકારી ધારા ધોરણ પ્રમાણેના સ્ટાંમ્પ વાપરવામાં આવેલ છે. સદરહું દસ્તાવેજ અંગે સ્ટાંપ, વકીલ ફી, રજીસ્ટર ફી, તથા ટાઇપ ફી તથા અન્ય તમામ ખર્ચ તમો ખરીદનાર પહેલા પક્ષનાએ ભોગવેલ છે. અને જે તમામ ખર્ચ પહેલા પક્ષના ના ખરીદનાર ના શીરે નકકી કરવામાં આવેલ છે. તેમજ સદરહું તમોને વેચાણ આપેલ મીલકતની કીમંતમાં સર્વિસ ટેક્ષની રકમ નો સમાવેશ થતો નથી. જેથી સદરહું મીલકતના

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ	બ્લોક નં.	ટી.પી.નં.	ફા.પ્લોટ નં.	ફલેટ નં.	ક્ષેત્રફળ
વેચાણ દસ્તાવેજ	ડીડોલી	૧૪૫	૬૯	૧૩૦		ચો.મી.

બાંધકામ અંગે જે કાંઇ સર્વિસ ટેક્ષ ભરવાનો થાય તે તમો પહેલા પક્ષનાએ ભરવાનો રહેશે. જે અંગે હમારી કોઇ પણ જાતની જવાબદારી રહેશે નહી.

-:: અવેજ ની વિગત ::-

સદરહું મીલકત ની કુલ વેચાણ કીમત **રૂા./- પુરા** તમો પહેલા પક્ષના પાસેથી હમો બીજા પક્ષનાએ નીચેની વિગતે વસુલ મેળવી લીધેલ છે.

ક્રમ	રકમ	ચેક નંબર / રોકડા	તારીખ	વિગત
૧				
કુલ્લે રૂા./-પુરા				

આમ, ઉપરોકત વિગતે હમો બીજા પક્ષનાને તમો પહેલા પક્ષનાએ પુરેપુરી વેચાણ અવેજ ની રકમ ચુકવી આપેલ હોય જેથી અવેજ બાબતે કે અવેજની રકમ

ઓછી મળ્યા બાબતે હમો બીજા પક્ષનાએ કે હમારા વંશવાલી વારસોએ કોઇ તર-તકરાર કરવાની નથી અને આવી કોઇ પણ જાતની તર તકરાર કરવામાં આવે તો તે આથી રદ બાતલ થાય સહી અને ગણાય સહી.

:: વેચાણ આપેલ મીલકતની વિગત ::

:: પરીશીષ્ટ ::

ડીસ્ટ્રીકટ સુરત સબ-ડીસ્ટ્રીકટ ઉધના નાં મોજે ગામ **ડીડોલી** નાં રે.સ.નં. ૮૭, **બ્લોક નં. ૧૪૫** વાળી કુલ્લે ૨-૩૦-૩૨ હેકટર આરે ચો. મી. આકાર રૂા. ૩૨-૪૩ પૈસા વાળી જમીન ને **ટી. પી. સ્કીમ નં. ૬૯ (ડીડોલી-ગોડાદરા) ફા.પ્લોટ નં. ૧૩૦** થી ૧૪૯૭૧ ચો.મી. ફાળવવામાં આવેલ બિનખેતી જમીન ઉપર **"મંગલમ પાર્ક"** માં આવેલ **"એ થી ચુ"** બલ્ડીગો પૈકી **" આર "** બીલ્ડીગ કે જે **"ગ્રીનવેલી રેસીડન્સી"** નામથી ઓળખાતી ૩૦૪.૯૬ ચો.મી. જમીન પર બાંધેલ ઇમારત માં આવેલ ફલોટો પૈકી **-- માળે** આવેલ **ફલેટ નં. --** વાળી અંદાજીત સુપર બીલ્ટઅપ એરીયા -- ચો.ફુટ યાને -- ચો.મી. જેનો અંદાજીત **બીલ્ટઅપ એરીયા -- ચો.મી.** વાળી મિલકતવાળી મિલકતનો તળની જમીન **૩૩૯.૯૩ ચો.મી.** તથા સી.ઓ.પી. + માર્જીન + રોડ-રસ્તાની વણ-વહેચાયેલ હિસ્સાની **૩૯૨.૯૫ ચો.મી.** જમીન મળી **કુલ્લે ૭૩૨.૮૮ ચો.મી.** જમીનમાં ફાળે પડતા વણ-વહેચાયેલ હિસ્સા સહીતનો લાગતા વળગતા અંદરનાં તથા બહારનાં તમામ હકકો સહિતની મિલકતનો કુલ્લે દરોબસ્ત વેચાણ દસ્તાવેજ...**જે આખી ઇમારતની ચર્તુઃસીમા નીચે મુજબ છે.**

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ	બ્લોક નં.	ટી.પી.નં.	ફા.પ્લોટ નં.	ફલેટ નં.	ક્ષેત્રફળ
વેચાણ દસ્તાવેજ	ડીડોલી	૧૪૫	૬૯	૧૩૦		ચો.મી.

પુર્વે : લાગુ બીલ્ડીગ નં. – એફ
પશ્ચિમે : લાગુ બીલ્ડીગ નં. – એસ
ઉત્તરે : લાગુ સી.ઓ.પી.
દક્ષિણે : લાગુ બીલ્ડીગ નં. – યુ

એણી વિગતનો આ વેચાણ દસ્તાવેજ હમો બીજા પક્ષનાએ આજ રોજ હમારી રાજીખુશીથી સમજી, વિચારી, વાંચી, વંચાવી, સાંભળી, સમજી, તનમન ની સંપુર્ણ સાવધ અને સ્વસ્થ અવસ્થામાં ચિત અને તબીયત ઠેકાણે રાખી, અકકલ હોશીયારીથી સમજી, વિચારી, કોઇના કોઇ પણ જાતના દાબ દબાણ વીના લખી આપ્યો છે. જે હમોને તથા હમારા વંશવાલી વારસ, સકસેસર, ટ્રાન્સફરી, એસાઇની, એડમીનીસ્ટ્રેટર, એકઝીકયુટર, ઇત્યાદી તમામ ને કબુલ મંજુર અને બંધન કર્તા છે સહી, થાય સહી અને રહેશે સહી.
અત્ર.....મંતુ તત્ર.....શાખ

૧..... ૧.....

૨.....

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ	બ્લોક નં.	ટી.પી.નં.	ફા.પ્લોટ નં.	ફલેટ નં.	ક્ષેત્રફળ
વેચાણ દસ્તાવેજ	ડીડોલી	૧૪૫	૬૯	૧૩૦		ચો.મી.

વેચનાર નુ નામ શ્રી પ્રતીક ગોરધનભાઇ વાઘાણી

વેચનાર ની સહી :.....

ખરીદનાર નુ નામ શ્રી

ખરીદનાર ની સહી :.....

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ	બ્લોક નં.	ટી.પી.નં.	ફા.પ્લોટ નં.	ફલેટ નં.	ક્ષેત્રફળ
વેચાણ દસ્તાવેજ	ડીડોલી	૧૪૫	૬૯	૧૩૦		ચો.મી.

વેચનાર નુ નામ શ્રી પ્રતીક ગોરધનભાઇ વાઘાણી

વેચનાર ની સહી :.....

ખરીદનાર નુ નામ શ્રી

ખરીદનાર ની સહી :.....

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ	બ્લોક નં.	ટી.પી.નં.	ફા.પ્લોટ નં.	ફલેટ નં.	ક્ષેત્રફળ
વેચાણ દસ્તાવેજ	ડીડોલી	૧૪૫	૬૯	૧૩૦		ચો.મી.

નોંધણી અધીનીયમ ની કલમ ૩૨એ મુજબ વેચાણ રાખનાર તથા વેચાણ આપનાર ના ફરજીયાત ફોટા તથા અગુઠાની છાપ લગાવીને રજુ કરવાની યાદી

વેચનાર ::-

(પ્રતીક ગોરધનભાઇ વાઘાણી)



આ ડાબા હાથના અગુઠાનું નીશાન
પ્રતીક ગોરધનભાઇ વાઘાણી
નું છે

લેનાર ::-

( )



આ ડાબા હાથના અગુઠાનું નીશાન

નું છે

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ	બ્લોક નં.	ટી.પી.નં.	ફા.પ્લોટ નં.	ફલેટ નં.	ક્ષેત્રફળ
વેચાણ દસ્તાવેજ	ડીડોલી	૧૪૫	૬૯	૧૩૦		ચો.મી.